| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૩–૦૫–૧૯૯૭ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૩–૦૫–૧૯૯૭ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૦૧–૦૨–૨૦૨૫ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મહે. ૨૩માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.અમદાવાદ શહેર.**

**ફો.કેસ નં.૫૬૬/૧૯૯૭**

**આંક:–**

**ફરીયાદી:–** ગુજરાત સરકારશ્રી,
(મુળ ફરીયાદી:મહેન્દ્રભાઈ પોપટલાલ મહેતા),

**વિરુધ્ધ**

**આરોપી:–** માંનજી ઉર્ફે મોહન ઉર્ફે લાલજી સ./ઓ. કેવળજી પટેલ,(ઉ.વ.પુખ્ત),
રહે.ગામ–ગામડી દેવકી, તા.સાગવાડા,જી.ડુંગરપુર,
રાજસ્થાન.

**<u>ગુનો:ઈ.પી.કોડની કલમ:૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૧ મુજબ.</u>**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી વાય.કે.વ્યાસ |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી ટી.કે.પટેલ |

## –:: ચુ કા દો ::–

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી તથા કોલમ નં.ર માં જણાવેલ આરોપી પૈકી નં.૧,૨,૫ નાંઓએ તા.૨૨/૦૮/૯૨ નાં કલાક–૧૬/૦૦ થી તા.૦૨/૦૯/૯૨ કલાક–૧૮/૦૦ દરમ્યાનમાં બંગ્લા ૧૮, મંગલપાર્ક સોસાયટીવાળા ફરીયાદીના બંધ મકાનના દરવાજાને વાગેલ તાળુ તોડી મકાનમાં ઘુસી મકાનમાંથી રૂા.૭૦,૦૭૦/–ની મતાના સોના ચાંદીના દાગીના તથા વી.સી.આર. તથા રોકડ રકમની ચોરી

કરી લઈ જઈ કોલમ નં.રમાં જણાવેલ આરોપી નં.૩ તથા ૪ નાંઓએ સદરી મુદામાલ ચોરીનો હોવાનું જાણવા છતા ઉપરોકત આરોપીઓ પાસેથી વેચાણ રાખી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી **ઈ.પી.કોડની કલમઃ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૧** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે ડી.સી.બી. પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી અને પુરતો પુરાવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

૨. ત્યારબાદ આ કામનાં આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેતા ન હોય, આ કામના આરોપીને અવારનવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. પરંતુ એક યા બીજા કારણોસર આરોપીને તેની બજવણી થયેલ નહી. આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવવા માટેના શુધ્ધબુધ્ધિ પૂર્વકના તમામ પ્રયત્નો કરેલ હોવા છતા ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવી શકેલ નથી કે નજીકના ભવિષ્યમાં આરોપીની જાતહાજરી મળી શકે તેવા સંજોગો જણાતા ન હોઈ જેથી આરોપી નાસતા ફરતા હોવાનું માનવાને કારણ રહેલ જેથી આરોપીના જામીનદારને પણ નોટીસ કાઢવામાં આવેલ પરંતુ આ કામના જામીનદારને પણ નોટીસ બજી શકેલ નથી. હાલનો કેસ જૂનો હોઈ, આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરવામાં ન આવે તો પછીથી સાહેદો પણ નહિં મળી શકવાની સંભાવના હોય અને તેથી ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરી લેવો ન્યાયોચિત જણાતુ હોય તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ અનુસાર જયારે આરોપી નાસતો ફરતો હોય અને તે નજીકના ભવિષ્યમાં મળી આવે તેવા સંજોગો ન હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધી શકાય તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. વધુમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા પણ સરકયુલર નંબર ૨૬૬૮/૨૦૧૬, તારીખ ૦૫–૦૭–૨૦૧૬થી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯, ૩૫૩(૬) મુજબ આવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી ચલાવવા સરકયુલર ઈશ્યુ કરવામાં આવેલ છે. હાથ પરના કેસના સંજોગો તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ની જોગવાઈ અને તે કલમનો હેતુ ધ્યાને લેતા હાલના કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ મુજબ

આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩.** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા:-</u>**

| | | |
|---|---|---|
| ૧. | સાહેદ ત.ક.અ.શ્રી ઓમપ્રકાશ સાધુરામ શિવનાની ની સોંગદ પરની જુબાની | આંક-૦૫ |

**<u>દસ્તાવેજી પુરાવા:-</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક-૦૬ |
| ૨. | પંચનામા | આંક-૦૭ થી ૧૨ |

**૪.** આ કામના આરોપી લાંબા સમયથી મળી આવેલ ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે. જેથી તેઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** આ કામે કેસની હકીકત તથા રજુ રાખેલ પુરાવાને ઘ્યાને લેતા કેસના આખરી નીકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**- :: મુદ્દા :: -**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામનાં આરોપી તથા કોલમ નં.૨ માં જણાવેલ આરોપી પૈકી નં.૧,૨,૫ નાંઓએ તા.૨૨/૦૮/૯૨ નાં કલાક-૧૬/૦૦ થી તા.૦૨/૦૯/૯૨ કલાક-૧૮/૦૦ દરમ્યાનમાં બંગ્લા ૧૮, મંગલપાર્ક સોસાયટીવાળા ફરીયાદીના બંધ મકાનના દરવાજાને વાગેલ તાળુ તોડી મકાનમાં ઘુસી મકાનમાંથી રૂા.૭૦,૦૭૦/-ની મતાના સોના ચાંદીના દાગીના તથા વી.સી.આર. તથા રોકડ રકમની ચોરી કરી લઈ જઈ કોલમ નં.રમાં જણાવેલ આરોપી નં.૩ તથા ૪ નાંઓએ સદરી મુદામાલ ચોરીનો હોવાનું જાણવા છતા ઉપરોકત આરોપીઓ પાસેથી વેચાણ રાખી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી **ઈ.પી.કોડની કલમ:૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪,**

**૪૧૧** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

૮. **મુદા નં.૧ ચર્ચા :-**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે **ઈ.પી.કોડની કલમ:૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૧** ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક-૦૫ થી સાહેદ ત.ક.અ.શ્રી ઓમપ્રકાશ સાધુરામ શિવનાની ને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું પોલીસ સાહેદ તેમનાં મૌખિક પુરાવામાં આંક-૦૬ થી ફરીયાદ તથા આંક-૦૭ થી ૧૨ મુજબ પંચનામાની નકલ રજુ રાખેલ છે. તેમજ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જસીટ કરેલ હોવાનું જણાવેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રો.કોડની કલમ-૨૯૯ અન્વયે પુરાવો નોંધવામાં આવેલ હોય સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલ નથી. સદરહું સાહેદે તેમના મૌખિક પુરાવામાં તેઓએ કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલ છે. આ કામનાં આરોપી નાંએ તહોમત મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આ કામના મુળ ફરીયાદીને સમન્સ/વોરંટ કરતા મરણ ગયેલ હોવાનું રેકર્ડ પર આવેલ હોય તેમનો મૌખિક પુરાવો રજુ થઈ શકેલ નથી. વધુમાં આ કામના ઉપરોકત સાહેદ સિવાય અન્ય સાહેદોને અવારનવાર સમન્સ/વોરંટ કરવામાં આવેલ હોવા છતા જે વગર બજે પરત આવેલ છે. તેમજ ફરીયાદપક્ષે પણ તેઓને હાજર રખાવવા માટે વિશેષ કોઈ તજવીજ હાથ ધરવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ રાખેલ

દસ્તાવેજોને રેકર્ડ ઉપર કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાત મુજબ પુરવાર કરવા જરૂરી છે જે ફરીયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારુ ભ્રમપણે માનવુ છે.

વધુમાં અત્રે એ નોંધવુ જરૂરી છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ અને ૩૫૩(૬) નાં પ્રબંધોનો તેના ઉદ્દેશ અનુસાર ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલી છે. હાલનો કેસ સને ૧૯૯૭ ની સાલનો છે. આ કામે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે તેઓને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે ફકત આરોપીની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવા ન્યાયોચિત જણાતું નથી. આરોપી ભવીષ્યમાં મળી આવે તો પણ રેકર્ડ પરના પુરાવા આધારે તેને સજા થઈ શકે તેમ નથી. આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૩(૬) અનુસાર આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવો ન્યાયોચીત જણાતુ હોય આ કામે મુદા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપી મુદા નં.૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામનાં આરોપી માંનજી ઉર્ફે મોહન ઉર્ફે લાલજી સ./ઓ. કેવળજી પટેલ ને સી.આર.પી.સી. કલમ:૨૪૮(૧) સાથે વાંચતા કલમ–૩૫૩(૬) અન્વયે **ઈ.પી.કોડની કલમ:૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૧** નાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૧/૦૨/૨૦૨૫
અમદાવાદ.

(મનીષ વી.ચૌહાણ)
૨૩માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ સીટી
જજ કોડ નં. જીજે૦૧૦૧૫.

**LALJI(P.A.)**